આર્થિક પછાત વર્ગના ઇસમોને મફત તબીબી
સહાય યોજનામાં આપવામાં આવતી સહાયમાં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૨૦૧૧/ન.બા.૧૨૫૦(૭૨૭૭૨૮)/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૫/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૪૯૮ન.બા.૩/અ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૩/૧૨/૨૦૧૧નો પત્ર ક્રમાંકઃ વિજાક/ જન/ ન.બા./મ.ત.સ/૧૧-૧૨/૨૦૦૦/૨૨૨૪

ઠરાવઃ-

આર્થિક રીતે પછાત વર્ગના ઇસમોને કેન્સર , રકતપિત્ત, ટી.બી. માટે રોગ મટે ત્યાં સુધી આપવામાં આવતી મફત તબીબી સહાય યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક(૧) પરના તા.૨૬/૫/૧૯૯૯ ના ઠરાવથી આર્થિક રીતે પછાત વર્ગના ઇસમોને કેન્સર માટે રૂ.૫૦૦/-, રકતપિત્ત માટે રૂ.૪૦૦/- અને , ટી.બી.નો રોગ મટે ત્યાં સુધી માસિક રૂ.૨૫૦/- સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક(૨) પર ના તા.૩/૧૨/૨૦૧૧ ના પત્ર થી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

આર્થિક રીતે પછાત વર્ગના ઇસમોને કેન્સર માટે રૂ.૫૦૦/-, રકતપિત્ત માટે રૂ.૪૦૦/- અને , ટી.બી.નો રોગ મટે ત્યાં સુધી માસિક રૂ.૨૫૦/- આપવામાં આવતી સહાય માં વધારો કરીને કેન્સર માટે રૂ.૧૦૦૦/-, રકતપિત્ત માટે રૂ.૮૦૦/- અને , ટી.બી.નો રોગ મટે ત્યાં સુધી માસિક રૂ.૫૦૦/- કરવા તથા યોજના માટે ઇસમના કુંટુંબની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧૫,૯૭૬/ અને શહેરી વિસ્તારમાં રૂ.૨૧,૨૦૬/- છે તેમાં સુધારો કરીને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭,૦૦૦/ અને શહેરી વિસ્તાર માં રૂ. ૩૬,૦૦૦/-કરવાનું નક્કી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ-૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૫૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) આ યોજનાનો અમલ અને તે અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) આ યોજના અંતર્ગત ખર્ચ આ હેતુસર કરવામાં આવેલ અંદાજપત્રીય જોગવાઇમાંથી વખતોવખત છૂટી કરવામાં આવનાર ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૩) આ યોજનાનું ડુપ્લીકેશન ન થાય તે જોવાનું રહેશે

(૪) આ રોગ માટે સરકારી હોસ્પીટલનું પ્રમાણપત્ર રજુ કર્યેથી આ લાભ ચૂકવવાનો રહેશે.

(૫) આ સહાયની ચૂકવણી ચેકથી કરવાની રહેશે

(૬) આ યોજનાના લાભાર્થીની હયાતીની ચકાસણી દર નાણાકીય વર્ષના શરુઆતના બે માસમાં કરવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૭) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

એલ.એમ.જોષી
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x-------x------x